# <u>૨ .ઠંડી ( કાવ્ય )</u>

**પ્રશ્ન – ૧** નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પમાંથી શોધીને લખો.

૧. ફ્રિજમાં ઠંડી કોને લાગે છે? [ક]

(અ) મૂળીને (બ ) દૂધીને (ક) ટમેટાને

૨. ફ્રિજ માં શું નથી ? [ક]

(અ) બરફ (બ ) શાકભાજી (ક) હૂંફ

૩. ટમેટાને ટપલી કોણે મારી ? [બ]

(અ) દૂધીભાસીએ (બ) મૂળાભાઈએ (ક) સફરજન

**પ્રશ્ન – ૨ .** નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

1 ફ્રિજ માં ઠંડી કોને લાગે છે.?

<u>જવાબ : ફ્રિજ માં ઠંડી ટામેટાં ને લાગે છે.</u>

2) ટમેટું બંડી પહેરાવવા કોને કહે છે?

<u>જવાબ : ટમેટું બંડી પહેરાવવા દૂધીમાસી ને કહે છે.</u>

3) ટમેટું દૂધીમાસીને શું પહેરાવવા કહે છે ?

<u>જવાબ : ટમેટું દૂધીમાસી ને બંડી પહેરાવવા કહે છે.</u>

4) બરફનાં ગામ કયાં હતાં?

<u>જવાબ : બરફનાં ગામ ફ્રિજ માં હતાં.</u>

5) ટમેટાને ડાળ પર શા માટે ગમે છે ?

<u>જવાબ : ટમેટાને ડાળ પર અડકો –દડકો રમવાનું મળતું હતું અને સવારનો તડકો હૂંફ આપતો હતો . તેથી એને ઝાડની ડાળ પર ગમે છે.</u>

૬) ફ્રિજ નો દરવાજો શા માટે ખુલ્યો ?

<u>જવાબ : ફ્રિજ દરવાજો ધારી લેવા માટે ખુલ્યો.</u>

૭. મૂળાભાઈએ કોને ટપલી મારી ?

જવાબ : મૂળાભાઈએ ટમેટાને ટપલી મારી .

૮. ટામેટું ખુશ કેમ થયું ?

જવાબ : ટામેટું સૂરજને જોઈને ખુશ થયું .

પ્રશ્ન – ૩ . નીચેની ખાલી જગ્યા પૂરો.

૧ ) ટામેટાં ડાળ પર અડકો –દડકો રમતાં હતાં .

૨ ) ટમેટાને મૂળાભાઈએ ટપલી મારી .

૩ ) ફ્રિજમાં ગરમાવો મળતો નથી .

પ્રશ્ન – ૪ . નીચેનાં વિધાનોમાંથી ખરા વિધાન સામે √ ની અને ખોટા વિધાન સામે X ની નિશાની કરો :

| | | |
|---|---|---|
| ૧ ) ટમેટાને ફ્રિજ માં ખૂબ જ ગરમી લાગે છે . | - | X |
| ૨ ) સૂરજને જોતાં જ ટમેટાને આનંદ થઈ ગયો . | - | √ |
| ૩ ) ફ્રિજ નો દરવાજો આઈસક્રીમ લેવા માટે ખૂલ્યો . | - | X |

પ્રશ્ન – ૫ . નીચેના દરેક શબ્દનાં બે – બે વાક્યો લખો :

ઉદાહરણ : ફ્રીજ : ૧ ) ફ્રિજ માં પાણી ઠંડું થાય છે.

૨ ) ફ્રિજ માં દૂધી મુકાય છે.

૧. વાસી : ૧ ) વાસી ખોરાક ખાશો નહિ.

૨ ) વાસી ખોરાક ખાવાથી માંદા પડાય .

૨. ઠંડી : ૧ ) શિયાળામાં ઠંડી પડે છે.

૨ ) ઠંડીમાં ગરમ કપડાં પહેરાય.

૩. રાજા : ૧ ) રાજા દયાળુ હોય છે .

૨ ) રાજા પ્રભુને સુખી કરે છે .

૪. સૂરજ: ૧ ) સૂરજ સવારે ઊગે છે .

૨ ) સૂરજ આપણને પ્રકાશ આપે છે .

પ્રશ્ન – ૬ . નીચેની કાવ્ય પંકિત પૂર્ણ કરો :

આના કરતાં ....................................

........................................................... હૂંફનું નામ .

- આના કરતાં હતા ડાળ પર રમતાં અડકો –દડકો ,

  મીઠો મીઠો બહુ જ લાગતો એ સવારનો તડકો,

  અહીં તો છે ઠંડી ઠંડી અને બરફનાં ગામ,

  કોને ફ્રિજ બનાવ્યું ? જેમાં નથી હૂંફનું નામ .

પ્રશ્ન – ૭ . નીચેના શબ્દોની સાચી જોડણી લખો :

| | |
|---|---|
| ૧ ) બંડિ – <u>બંડી</u> | ૨) મિઠો – <u>મીઠો</u> |
| ૩ ) મુળા – <u>મૂળા</u> | ૪ ) ખુસી – <u>ખુશી</u> |
| ૫ )શવાર – <u>સવાર</u> | ૬ ) કીરણ- <u>કિરણ</u> |

પ્રશ્ન – ૮ .નીચેના શબ્દોના સમાનાર્થીં શબ્દો લખો :

| | |
|---|---|
| ૧ ) ઠંડી = <u>ટાઢ</u> | ૨ ) ઝટ = <u>જલ્દી ,તરત</u> |
| ૩) હૂંફ = <u>ગરમાવો</u> | ૪ ) દરવાજો = <u>બારણું</u> |
| ૫ )ખુશી = <u>આનંદ</u> | ૬ ) સૂરજ = <u>સૂર્યે</u> |

પ્રશ્ન – ૯ .નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થીં શબ્દો લખો :

| | |
|---|---|
| ૧ ) ઠંડી = <u>ગરમી</u> | ૨ ) સવાર = <u>સાંજ</u> |

૩) તડકો = <u>છાંયો</u> ૪ ) બહાર = <u>અંદર</u>

પ્રશ્ન – ૧૦ . નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

૧ . ટામેટું ,ઠંડી ,બંડી, તડકો ,સૂરજ

ટામેટું, ઠંડી, તડકો, બંડી, સૂરજ

૨ . બંડી, બરફ ,ગામ,તડકો

ગામ , તડકો , બરફ , બંડી